વિશ્વ સંવાદ કેન્દ્ર

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com

વર્ષ : ૩ અંક : ૬૪ દિનાંક : ૦૧.૧૧.૨૦૧૭ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય સેવા પુરસ્કાર સમિતિએ 'અનાથોના કુંવારા પિતા' સાગર રેડ્ડીને ૮મો કેશવ શ્રેષ્ઠિ પુરસ્કાર અર્પણ કર્યો

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દેશમાં અનાથ બાળકોની ચિંતા કરે છે. અનાથ બાળકોની સેવામાં કાર્યરત સેવાભાવી સ્વયંસેવક તથા નિષ્કામ કર્મયોગીને કેશવ શ્રેષ્ઠિ પુરસ્કાર એનાયત થાય છે. અખીલ ભારતીય સેવા સમિતિ આ વિષયમાં માર્ગદર્શન કરે છે. દેશમાં છેલ્લા સાત વર્ષથી કેશવ શ્રેષ્ઠિ પુરસ્કારની યોજના છે. હાલમાં ૮મો કેશવ શ્રેષ્ઠિ પુરસ્કાર સાગર રેડ્ડીને એનાયત થયો છે. શ્રી રેડ્ડીને એક લાખ રૂપિયાનો પુરસ્કાર મળ્યો છે. RSSના પૂર્વ ભારત વિકાસ સેવા CEO હનુમંત રાય ગાયકવાડના વરદ્ હસ્તે શ્રી સાગરને આ પુરસ્કાર એનાયત થયો છે. તે એક વર્ષની ઉંમરે અનાથ બન્યા હતા. હાલ શ્રી રેડ્ડી ૨૮ વર્ષના છે. જે "અનાથોના કુવારા પિતા'ના હુલામણા નામથી પ્રચલિત છે. આંતરજ્ઞાતિય લગ્નને કારણે શ્રી રેડ્ડીએ એક વર્ષના હતા ત્યારે તેમના માતા-પિતાની હત્યા તેમના કુટુંબીજનોએ કરી હતી. જ્યારે શ્રી રેડ્ડી ૧૮ વર્ષના થયા ત્યારે તેમના કુટુંબીજનોએ ઘરમાંથી તેમને કાઢી મૂક્યા હતા. શ્રી સાગર મંદિરમાં આમથી તેમ નિવાસ કરતા રહ્યાં. તે રેલ્વેના ફૂટપાથ પર પણ પોતાનું જીવન ગુજારતા હતા. એક સજ્જન શ્રી સાગરની પ્રતિભાને ઓળખી ગયા. તેમણે શ્રી સાગરને ભણવામાં મદદ કરી. શ્રી સાગર અભ્યાસ કરી સ્નાતક બન્યા. નોકરી મેળવી. શ્રી સાગર તેમના અનાથ મિત્રોને મળવા ગયા તો પરિસ્થિતિ જાણી દંગ રહી ગયા. તેમના અનાથ મિત્રો તથા નાના બાળકો વ્યસન તથા દુર્ગુણોનો શિકાર બન્યા હતા. શ્રી સાગરને તેનાથી દુઃખ થયું. તેમની ઘણી માનેલ બહેનો તો વેશ્યાવૃત્તિમાં સપડાઇ હતી. શ્રી રેડ્ડીએ હિંમત રાખી 'એકતા નિરાધાર સંઘ'ની સ્થાપના કરી. તેમાં તેમણે ૭૦૦થી પણ વધુ અનાથ બાળકો-બહેનોને નોકરી તથા કાયમી નિવાસની વ્યવસ્થા કરી છે. તેમણે ૬૦થી વધુ અનાથોના લગ્ન પણ કરાવ્યા છે. તેમનું આ અનાથોનું સેવાકાર્ય મહારાષ્ટ્ર, કર્ણાટક તથા તેલંગાણામાં ચાલી રહ્યું છે. શ્રી સાગર રેડ્ડીએ અનાથ દેશબંધુઓ માટે જે સેવાકાર્ય શરૂ કર્યું છે તે આપણને પણ સેવાધર્મની પ્રેરણા આપે છે.

## યુનોની WHO સંસ્થાના ડેપ્યુટી-ડાયરેક્ટર જનરલ બનતા ભારતના સૌમ્ય સ્વામીનાથન

વિશ્વની આંતરરાષ્ટ્રીય સંસ્થા યુનોમાં WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) મહત્વનો વિભાગ છે. જે વિશ્વના દેશોના નાગરિકોના સ્વાસ્થ્ય અંગે કાર્યરત છે. વિશ્વની આવી પ્રતિષ્ઠિત - મોભાની સંસ્થામાં ભારતના સૌમ્ય સ્વામીનાથન (Soumya Swaminathan)ની ડેપ્યુટી-ડાયરેક્ટર જનરલના મહત્વના હોદ્દા માટે પસંદગી થઈ છે. હાલ શ્રી સ્વામીનાથન ભારતની તબીબી સંશોધન કાઉન્સિલ (Indian Council of Medical Research-ICMR)ના સેક્રેટરી છે. તેમના બહોળા અનુભવ તથા વહીવટી કાર્યક્ષમતા અને તબીબી સેવાઓને ધ્યાનમાં લેતા WHO સંસ્થાએ શ્રી સ્વામીનાથનને આ સેવાનો કાર્યભાર સોંપ્યો છે. આંતરરાષ્ટ્રીય સંસ્થામાં નિમણુંક પામી શ્રી સૌમ્ય સ્વામીનાથને ભારતને ગૌરવ અપાવ્યું છે.

## પરદેશમાં 'રામની અયોધ્યા'

થાઈલેન્ડના રાજા તથા તેમનો પરિવાર અહીં બેંગકોંકની પાસે આવેલ 'અયોધ્યા' નામની નગરીમાં નિવાસ કરે છે. થાઈલેન્ડમાં 94 ટકા વસ્તી બૌદ્ધોની છે છતાં અહીંના રાજા ભગવાન વિષ્ણુના અવતાર મનાય છે.

થાઈલેન્ડનું રાષ્ટ્રીય પ્રતિક ગરુડ છે. જે ભગવાન વિષ્ણુનું વાહન છે. થાઈલેન્ડની રાજધાની બેંગકોકના એરપોર્ટનું નામ પણ 'સ્વર્ણિમ એરપોર્ટ' છે. આ દેશ સંપૂર્ણ પણે હિન્દુધર્મ આધારિત શાસન માટે વિશ્વમાં પ્રખ્યાત છે. થાઈલેન્ડ હિન્દુરાષ્ટ્ર હોવાના ઘણા પુરાવા મળ્યા છે. બંગકોક શહેરની ગલીઓના નામ પણ 'રામ સ્ટ્રીટ' તથા 'અશોક સ્ટ્રીટ' જેવા છે. અહીં કોઈ કાળે પણ સાંપ્રદાયિક તોફાનો તથા વંશીય ઝઘડા થયા નથી. અહીંની પ્રજા હિન્દુત્વ આધારિત સહિષ્ણુતાથી સંપથી રહે છે. થાઈલેન્ડમાં રામરાજ્યની પ્રતીતિ થાય છે. અહીં બૌદ્ધ ધર્મ પાળનારની સંખ્યા ઘણી મોટી હોવા છતાં તેઓ હિન્દુરાજાનો આદર કરે છે. થાઈલેન્ડ જેવા રામરાજ્ય પર પણ જેહાદીઓની બૂરી નજર પડી છે. તેમણે ૨૦૧૫માં બેંગકોકના બ્રહ્મામંદિર પર વિસ્ફોટ કર્યો હતો જેમાં ૨૭ નિર્દોષ લોકોના મોત નિપજ્યા હતા. ત્યાર બાદ થાઈલેન્ડ સરકારે દેશના મંદિરોની સુરક્ષા વધારી છે. થાઈલેન્ડની સંસદે પણ દેશની સુરક્ષા તથા ધર્મસ્થાનોની સુરક્ષા માટે વિશેષ ગરુડ કમાન્ડોની વ્યવસ્થા કરી છે. થાઈલેન્ડની સંસદ સામે મૂકાયેલી ગરુડની પ્રતિમા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. થાઈલેન્ડનો રાજ પરિવાર 'અયોધ્યા'માં રહે છે અને હિન્દુ પંચાગ પ્રમાણે દેશમાં હિન્દુધર્મના ઉત્સવો રાજકીય ઠાઠમાઠથી ઉજવે છે.

## ભૌતિકશાસ્ત્ર માટે રજૂ થયેલ નોબલ પારિતોષકના શોધપત્રમાં ભારતીય વૈજ્ઞાનિકોનું યોગદાન - (મહત્વનો ફાળો)

ગુરુત્વાકર્ષણીય તરંગોની શોધ માટે ભૌતિકશાસ્ત્રનું નોબલ પારિતોષક ત્રીજી ઓક્ટોબરે ત્રણ વૈજ્ઞાનિકો Rainer Weiss, Barry C Barish અને Kip S Thorne ને સંયુક્ત રૂપે એનાયત થયું છે. તેમણે રજૂ કરેલ તેમના શોધપત્રમાં ભારતના ૩૭ વૈજ્ઞાનિકોનો મહત્વનો ફાળો છે. આ ત્રણે વૈજ્ઞાનિકોએ ભારતીય વૈજ્ઞાનિકોના મૂળભૂત પાયાના સંશોધનોનો આધાર લીધો હતો. ભૌતિક શાસ્ત્રના શોધનો તેમનો વિષય 'decisive contributions to the LIGO detector and the obeservation of gravitational waves' હતો. આ સંશોધનમાં રજૂ થયેલ પેપરમાં પૂનેની આંતરરાષ્ટ્રીય ખગોળવિજ્ઞાન તથા ખગોળભૌતિક વિજ્ઞાન સંસ્થા (IUCAA)ના ૨૭ વૈજ્ઞાનિકોનો સહ-લેખક તરીકે સમાવેશ થયો છે. આ અંગે પૂનેના સંજીવ ધૂરંધરે જણાવ્યું છે, કે ધ્વનિ તરંગો તથા તેમના સ્વરૂપનો આધાર આ સંશોધનમાં લેવાયો છે જે ભારતીય ખગોળવિજ્ઞાનીઓની શોધ છે. નોબલ પારિતોષકના વિષયના શોધપત્રમાં થયેલ ગાણિતિક પૃથ્થકરણ (Deta Analysis)માં ભારતના વૈજ્ઞાનિકોએ મહત્વનું યોગદાન આપ્યું છે. ભારતના વૈજ્ઞાનિકોએ નબળા ગુરુત્વાકર્ષણીય તરંગો અંગે પાયાનું સંશોધન પણ કર્યું હતું. ભલે ! ભૌતિકશાસ્ત્રના આ વર્ષના નોબલ પારિતોષકને ભારતના વૈજ્ઞાનિકોને ન મળ્યું હોય, પણ આ શોધ પેપરમાં ભારતીય વૈજ્ઞાનિકોના પાયાના પરિશ્રમની વિશ્વના વૈજ્ઞાનિકોએ નોંધ લીધી છે.

## પ્રાકૃતિક જીવન : શ્રેષ્ઠ જીવન : વૃદ્ધ ખેડૂતે એકલા હાથે તળાવ ખોદ્યું

દ્રઢ સંકલ્પ શક્તિ અને પ્રાકૃતિક જીવન પદ્ધતિને આધારે ઉત્તર પ્રદેશના હમીરપુર જિલ્લાના બરહરા ગામના ૧૦૩ વર્ષની ઉંમરના ખેડૂતે એકલે હાથે ત્રણ એકરનું તળાવ ખોદ્યું છે. વ્રજનાથ રાજપૂત નામના આ ખેડૂત છેલ્લા ૪૦ વર્ષથી પોતાના ખેતરમાં ઝૂંપડી બનાવીને રહે છે. તેઓ ભૌતિક સુવિધાઓથી સાવ અજાણ છે. ખેતીના કર્મયોગી વ્રજનાથ વહેલી સવારે પાંચ વાગે ઊઠીને શુદ્ધ પાણી તથા ગાયના કાચા દૂધનું સેવન કરે છે. ત્યારબાદ બપોર સુધી તળાવ ખોદે છે. બપોરે દાળ અને રોટલીનું સાદું ભોજન લે છે. અને સાંજનો સમય પોતાની ખેતી તરફ ધ્યાન આપે છે. ૧૯૧૪માં જન્મેલા આ બુઝર્ગનું દ્રઢ પણ માનવું છે કે લાંબી ઉંમરનું કારણ ચિંતા રહિત સાદું જીવન છે. તેઓ નાનપણથી કુસ્તી અને પહેલવાની કરતા હતા. શારીરિક વ્યાયામ તથા સાત્વિક ભોજનના તે આગ્રહી છે. ૧૯૫૦માં તેઓ હોમગાર્ડની નોકરી કરતા હતા ત્યારે માત્ર ત્રણ રૂપિયા જ પગાર મળતો હતો.

શ્રી વ્રજનાથ રાજપૂતે ૧૯૬૬ના દેશવ્યાપી ગૌ આંદોલનમાં પણ ભાગ લીધો હતો. તેમણે સ્વામી બ્રહ્માનંદની સાથે આ આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમની ધરપકડ કરીને તે સમયની સરકારે તેમને તીહાડ જેલમાં એક માસ માટે મોકલ્યા હતા. ખેતી, ગૌ સેવા તથા તળાવમાં પાણીના સંગ્રહથી લોકસેવા તેમનો કર્મયોગ છે. શ્રી રાજપૂતે જીવનમાં પ્રાકૃતિક જીવન તથા જનસેવા એજ પ્રભુસેવાની સાથે ભારતમાતાની જેમ ગાયમાતાની પણ સેવાને પ્રાધ્યાન્ય આપ્યું છે. પ્રાકૃતિક જીવન એજ શ્રેષ્ઠ જીવનના ઉદાહરણ સ્વરૂપ ૧૦૩ વર્ષના બુઝર્ગ આપણને પણ પ્રેરણા આપે છે.

## દુનિયાની સૌથી મોટી તેલ કંપની ભારતમાં મૂડી રોકાણ કરશે.

વિશ્વની સૌથી મોટી તેલ કંપની સઉદી આર્મકો ભારતમાં ૪૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરશે. તેણે ભારતમાં કાર્યાલય શરૂ કર્યું છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું કે ભારત, સઉદી અરબ માટે તેલ અને એલપીજી ગેસ માટે બહુ મોટું બજાર છે. હાઈડ્રોકાર્બનના સંદર્ભમાં આ દ્વિપક્ષીય વેપાર મહત્વની ભૂમિકા ભજવશે. સઉદી આર્મકો કંપની ઇન્ડીયન ઓઈલ કંપની સાથે મળી મહારાષ્ટ્રમાં એક નવી રિફાઈનરીની શરૂઆત કરશે. ભારતમાં ૧૯ ટકા કાચુતેલ (ક્રૂડ ઓઈલ) તથા ૨૯ ટકા એલપીજી સઉદી અરબમાંથી આયાત થાયછે. વર્ષ ૨૦૧૬-૧૭માં ભારતે ૩.૯૫ કરોડ ટન કાચાતેલની આયાત કરી હતી.

## આઈફોન બનાવવાવાળી એપલ કંપનીને સરકારની 'મેક ઈન ઇન્ડિયા' ભારે પડશે

આઈફોન બનાવવાવાળી એપલ કંપનીને ભારતની 'મેક ઈન ઇન્ડિયા' આર્થિક રણનીતિ ભારે પડે તેમ છે. એપલની માગ પ્રમાને GST કર માળખામાં છૂટ અપાશે નહિ. આ કંપની ફોનના ઉત્પાદનમાં, મરામતમાં તથા આયાતમાં ૩૦ ટકા રાહત માગી હતી. પણ માલ અને સેવા કર (GST)ની નવી નીતિ પ્રમાણે આ છૂટ આપી શકાશે નહિ. ભારત સરકાર માને છે કે તેને 'મેક ઈન ઇન્ડિયા'માં વૃદ્ધિ થાય તે મહત્વનું છે. કોઈ વસ્તુના આયાતમાં સરકારને રસ નથી. ભારત સરકારે એપલ જેવી કંપનીઓ પર ૧ જુલાઈથી આયાત કરમાં વૃદ્ધિ કરી છે. વિદેશી કંપનીઓને હવે એક સમાન ચાર સ્તરીય જીએસટી કર પ્રણાલીમાં કોઈ પણ પ્રકારની રાહત મળશે નહિ. આ વિદેશી કંપનીઓએ ભારત સરકારના નાણાં વિભાગમાં જરૂરી ટેક્સ ભરવો પડશે અને આયાત કે વેચાણ પર કોઈપણ પ્રકારની સબસીડી કે કર રાહત અપાશે નહિ. આમ દેશમાં સ્વદેશી કંપનીઓ તથા ગ્રાહકો માટે ભારત સરકારની 'મેક ઈન ઇન્ડિયા' આર્થિક રણનીતિ દેશની આર્થિક સ્થિતિ માટે મહત્વની બની રહેશે.

## GSTના ૧૦૦ દિવસ પૂરા થયા. વેચાવલીમાં એફએમસીજી સેક્ટરમાં વૃદ્ધિ

દેશમાં GST (માલ સેવા કર) લાગુ થયાને ૧૦૦ દિવસ પૂરા થયા છે. આ ટેક્સ પ્રણાલીને સમજતાં ત્રણ મહિના પસાર થયા છે. હવે દેશની નામાંકિત કંપનીઓ ડાબર અને ગોદરેજને તેના વેચાણમાં તથા નફામાં વધારો થવાની આશા દેખાઈ છે. શરૂઆતમાં આ કંપનીઓને સહન કરવું પડ્યું હતું. ગ્રાહકો તથા ઉત્પાદકોમાં આ ટેક્સના માળખાને સમજવામાં તથા વેપારમાં લેણ-દેણ અંગેના વહીવટી મૂજવણ હતી. હવે ઉત્પાદકો તથા ગ્રાહકને આ એક સૂત્રીય ટેક્સ માળખું સમજાવા લાગ્યું છે તેથી દેશમાં વેપારની પારદર્શકતા તથા ગ્રાહકને સંતોષ મળે તેવી વ્યવસ્થા ગોઠવાતી જાય છે. શરૂઆતના ત્રણ મહિનામાં હિન્દુસ્તાન, યુનીલીવર, ડાબર, મૈરિકો, ગોદરેજ તથા અન્ય મોટી કંપનીઓને મૂડી રોકાણ તથા વેચાણમાં તકલીફ ઊભી થઈ હતી તેવું ગોદરેજના ચેરમેન આદિ ગોદરેજે જણાવ્યું હતું. GST લાગુ કર્યા પછીના ત્રણ માસમાં કંપનીઓએ નવા માલનું ઉત્પાદન પણ વધાર્યું છે અને દેશમાં ગ્રાહકોને તેમની માગ પ્રમાણે પૂરવઠો મળી રહે તેવી ઇચ્છા આ કંપનીએ દર્શાવી છે. ગ્રામીણ વિસ્તારોમાં પણ કેશલેસ આર્થિક વ્યવહારો વધાવાની શરૂઆત થતાં GSTના ફાયદા દેશની કંપનીઓ તથા દેશની પ્રજાને સમજવા માંડ્યા છે.

## નાનાજી દેશમુખની જન્મશતાબ્દીની ઉજવણી ગામ અને શહેર વિકાસયાત્રામાં જનભાગીદારી એ જ લોકશાહીનું મૂળતત્વ-અર્ક છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી

દેશમાં નાનાજી દેશમુખ અને લોકનાયક શ્રી જયપ્રકાશ નારાયણની જન્મશતાબ્દીઓની ઉજવણી થઈ રહી છે. એક સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૦,૦૦૦થી પણ વધુ સેવાકાર્યના સ્વયંસેવકોને સંબોધ્યા હતા. તેમણે કહ્યું કે ગ્રામ્ય તથા શહેરી વિકાસમાં લોકોને જોડવા અને તે માટેની જનભાગીદારી લોકશાહીનો અર્ક છે. લોકોમાં સેવાકાર્યનો ભાવ જાગે તો જ વિકાસ શક્ય છે. આ માટે શ્રી નાનાજી દેશમુખ તથા લોકનાયક જયપ્રકાશના સંગઠનીય લોકકાર્યો તથા સેવાભાવને સ્વયંસેવકો સમક્ષ રજૂ કર્યો હતો. જનભાગીદારીનો અર્થ સમાજના એક - એક વર્ગ તથા માણસોને રાષ્ટ્રના વિકાસ કાર્યમાં ભાગીદાર બનાવવાની હાકલ શ્રી મોદીએ કરી હતી. લોકોમાં

સેવાભાવ તો હોય છે જ માત્ર તેને ઢંઢોળવાની જરૂર છે. લોકશાહીના મૂળમાં જનભાગીદારી તથા જનપ્રતિનિધિથી સંગઠન થાય છે. સહકારની ભાવના વિકસે છે. શ્રી મોદીએ કેન્દ્ર સરકારની ઘણી એવી યોજનાઓ છે જેને સેવાભાવી કાર્યકર્તાઓ સૌના સાથ સહકારથી પૂર્ણ કરી શકે છે તેવું જણાવ્યું હતું. સ્વરોજગાર યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, પંચાયતના સેવા કાર્યો વગેરે મહત્વના છે. રાષ્ટ્રભક્તિ તથા રાષ્ટ્રના વિકાસમાં શ્રી દેશમુખ તથા શ્રી જયપ્રકાશ નારાયણના જીવનમાંથી પ્રેરણા મેળવી સૌએ સાથે મળી રાષ્ટ્રની સેવા કરવાની હોય છે. શ્રી મોદીએ બંને રાષ્ટ્રભક્તોના જીવનચરિત્રના અભ્યાસની આવશ્યકતા જણાવી હતી.

## હિન્દુત્વ એ રાષ્ટ્રની સાંસ્કૃતિક ઓળખ છે - ઉપરાષ્ટ્રપતિ વેંકટૈયા નાયડું

નવી દિલ્હી ખાતે ક્રિશ્ના ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્ર સેવા એવોર્ડ સમારોહમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકટૈયા નાયડુ મુખ્ય મહેમાન હતા. ક્રિશ્ના ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ દેશમાં વિવિધ ક્ષેત્રના સેવાકાર્યોને બિરદાવવા સેવાકાર્યમાં વ્યસ્ત વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરે છે. આ વર્ષે આ રાષ્ટ્રસેવા એવોર્ડ શ્રી પી. પરમેશ્વરને એનાયત થયો છે. તે તત્વચિંતક તથા ભારતીય સંસ્કૃતિના સેવાભાવને રાષ્ટ્રમાં પ્રચાર-પ્રસારનું કાર્ય કરે છે. આ પ્રસંગે શ્રી નાયડુએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે ભારતની સંસ્કૃતિમાં સેવા ધર્મ પ્રમુખ છે. વિશ્વમાં ભારત તેના હિન્દુત્વથી ઓળખાય છે. તેમણે જણાવ્યું કે હિન્દુત્વ એ ધર્મ નથી કે સંપ્રદાય પણ નથી પણ આદર્શ જીવનપદ્ધતિ છે. તેના પાયામાં સનાતન ધર્મ છે. લોકોની સેવામાં જ સ્વનું હિત સમાયેલું છે. તેવું જણાવી ઉપરાષ્ટ્રપતિજીએ લોકોમાં સેવાકાર્ય માટે આહ્વાન કર્યું હતું. સેવાધર્મમાંથી સાધુત્વ ઉદ્ભવે છે અને આ સાધુત્વનું ઉત્તમ ચારિત્ર્ય, એ હિન્દુત્વની સાચી ઓળખ છે. તેવું જણાવી શ્રી નાયડુએ ભારતીય તત્વચિંતન અને સેવાગુણની પ્રશંસા કરી હતી.

## રાષ્ટ્રીય યોગા ચેમ્પીયનશીપમાં મહેસાણાની પૂજા પટેલને યોગ સામ્રાજ્ઞીનો એવોર્ડ

મહેસાણાના અંબાલા ગામની પૂજા પટેલને યોગ તથા વ્યાયામમાં બાળપણથી ખૂબ જ રસ છે. તે યોગવિદ્યામાં પારંગત છે તેણીએ દેશની ઘણી યોગસ્પર્ધાઓમાં ગોલ્ડમેડલ મેળવ્યા છે. તાજેતરમાં હરિયાણામાં યોજાયેલી રાષ્ટ્રીય યોગ ચેમ્પીયનશીપમાં ૬૦૦ સ્પર્ધકોને પાછળ રાખી પ્રથમ સ્થાન મેળવ્યું છે અને દેશની યોગસામ્રાજ્ઞીનું બિરૂદ મળ્યું છે. આ સ્પર્ધામાં દેશના ૨૨ રાજ્યોમાંથી ૫ થી ૮૭ વર્ષ સુધીના ૬૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પૂજા પટેલ ૧૫ થી ૧૮ વર્ષના વિભાગમાં ભાગ લીધો હતો. પૂજાને ગોલ્ડ મેડલ મળ્યો છે. તેણીની ઇચ્છા વિશ્વકક્ષાની આંતરરાષ્ટ્રીય યોગ સ્પર્ધાઓમાં ભાગ લઈ ગુજરાત તથા ભારતનું નામ રોશન કરવાની છે. હાલ તે શાળાકીય અભ્યાસની સાથે નિયમિત યોગ કરે છે. વિવિધ યોગગુરુઓના માર્ગદર્શનથી પૂજા તેના શરીરના અંગ મરોડથી સૌને આશ્ચર્યચકિત કરે છે. યોગમુદ્રાઓ તથા પદ્ધતિસરના ઋષિપરંપરાના ભારતીય યોગમાં તેણીને વિશેષ રૂચિ છે. હાલ પૂજા તેના યોગાભ્યાસ તથા યોગના પ્રચાર-પ્રસાર માટે શાળા-મહાશાળાઓમાં પણ સેવા આપે છે. પૂજાનો પરિવાર તેની આ સિદ્ધિથી ખુશ છે અને યોગાભ્યાસમાં પૂજાને સહાય કરે છે.

## જનધન ખાતાઓને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં મોંઘવારીનું પ્રમાણ ઘટ્યું

જનધન ખાતાઓ ખૂલવાને કારણે દેશના ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય માણસ (કોમન મેન) પણ આર્થિક ખર્ચ પર અંકુશ લાવી શક્યો છે. ખાતાધારકોના પરિવારો પણ દારૂ તથા તમાકુ જેવા ખર્ચાઓથી સભાન થયા છે. ખાસ કરીને દેશની લાખો પરિવારની બહેનોએ આ જનધન ખાતાઓનો વહિવટ સંભાળ્યો છે. તેથી તેમના દારૂડિયા તથા તમાકુના વ્યસની પતિઓ પર અંકુશ લગાવ્યો છે. જનધન ખાતાઓમાં મૂકેલા નાણાં હવે ધીરે ધીરે બાળકોના શિક્ષણ તથા સ્વાસ્થ્ય માટે ખર્ચાતા હોવાના અહેવાલો મળ્યા છે. ગ્રામ્ય વિસ્તારના બજારોમાં પણ પ્રાથમિક ચીજવસ્તુઓ સહેલાઈથી ઉપલબ્ધ થવાથી મોંઘવારીનું પ્રમાણ પણ ઘટ્યું છે. એસબીઆઈના રીપોર્ટ પ્રમાણે ગ્રામ્ય વિસ્તારના ગરીબ તથા સામાજિક વંચિતોને જનધન ખાતાઓથી ઘણો લાભ થયો છે. તેમની ખરીદશક્તિ વધી છે. કુરિવાજો તથા વ્યસનમુક્તિ અને સ્વચ્છતા અભિયાનની અસરો પણ ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળે છે. હજુ અપેક્ષા પ્રમાણે સુધારાઓ જોવા મળતાં નથી પણ જનધન ખાતાઓએ ગ્રામ્ય વિસ્તારના સામાન્ય માણસમાં રાહત જરૂર આપી હોવાનું રીપોર્ટમાં જાણવા મળ્યું છે.

* * *